# 6 પાયલનું સાહસ

**ચર્ચાના મુદ્દા :**


- તમે કોઈ રમત રમો છો, રમતા-રમતા તમારા મિત્રને વાગી જાય તો શું કરશો ?
- તમે કોઈ હરીફાઈમાં ભાગ લો છો ? કેમ ?

*કોઈ પણ કામ સાહસ-હિંમતથી કરીએ તો બધું જ પ્રાપ્ત કરી શકીએ છીએ. 'હું બધું જ કરી શકું છું' એવું વિચારીને કામ કરીએ તો બધું જ પ્રાપ્ત કરાય, સફળ થવાય.*

પાયલ એક ગામડામાં રહે છે એના ઘરની આજુ-બાજુ લીલાં-લીલાં ખેતરો છે. પાયલ ખૂબ હસમુખી છે. ભણવાની સાથે સાથે તે રમત-ગમતમાં પણ બધાથી આગળ રહે છે.

એક દિવસ પાયલ પોતાના ભાઈ અને મિત્રો સાથે સંતાકૂકડી રમી રહી હતી. એક દિવસ પહેલા ખૂબ વાવાઝોડું આવ્યું હતું એમાં વીજળીનો એક થાંભલો પડી ગયો હતો. એમાંથી વીજળીનો એક તાર નીચે લટકી રહ્યો હતો. રમતાં-રમતાં એનાં ભાઈનો પગ એ તાર પર પડી ગયો.





## 2. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો (Choose the correct answer)

MCQs

(૧) છોકરાઓ ખેતરમાં કઈ રમત રમતા હતાં ?

- [ ] ખો-ખો
- [x] સંતાકૂકડી
- [ ] સાતોડિયું

(૨) શાળામાં પાયલને બેસવા માટે શું પાથરવામાં આવ્યું ?

- [ ] ચાદર
- [ ] ચટ્ટાઈ
- [x] શેતરંજી

## 3. મૂલ્યવર્ધક પ્રશ્નો. (Value Based)

Sharpening the skills, joy, enthusiasm, feeling of participation

તમે કોઈ હરીફાઈ (Competition) માં ભાગ કેમ લો છો ? એ 🙂 અથવા ☹️ બનાવીને જણાવો.

| | |
|---|---|
| જીતવા માટે | 🙂 |
| ભાગ લેવા માટે | 🙂 |
| મનના આનંદ માટે | 🙂 |
| મિત્રોને હરાવવા માટે | ☹️ |

## ભાષાજ્ઞાન

## 1. બહુવચન બનાવો. (Make plural)

| One | Many |
|---|---|
| થાંભલો | થાંભલા |
| બાળક | બાળકો |
| પુસ્તક | પુસ્તકો |

## વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

- તમારા ઘરમાં વીજળીથી ચાલતી કઈ કઈ વસ્તુઓ છે ? એના ચિત્રો ડ્રોઈંગ શીટ પર ચોંટાડો.
- નીચે સડક સુરક્ષા માટે કેટલીક નિશાનીઓ આપેલી છે, જે આપણે રસ્તા પર જોઈએ છીએ. આ નિશાનીઓ શું સૂચવે છે એ જણાવો—







યુ ટર્ન ના લેશો

હોર્ન ના વગાડો

ભયજનક

થોભો

ઝીબ્રા ક્રોસિંગ

આગળ શાળા છે







### વાત કરો —

- વીજળીના સાધનોને અડકતા પહેલાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ એ તમારા વડીલો પાસેથી જાણો.

# 7 હોડી મજાની



**ચર્ચાના મુદ્દા :**

❀ વરસાદ આવે ત્યારે શું શું કરો છો ? ❀ વરસાદમાં શેની મજા આવે ?

*વર્ષાઋતુ બાળકોને ગમતી ઋતુ છે. વરસાદના પાણીમાં હોડી બનાવીને તરાવવાની મજા આવે છે.*

આવ્યો રે વરસાદ ઝરમરિયો,
ફોરાં ઝીલો નાનેરાં હાથમાંજી રે,

સઢવાળી હોડી હંકારો ઓ રાજા,
હોડીમાં બેસાડો ચમકતી વીજળી રાણીને રે...

અષાઢ-શ્રાવણના મીઠાં સરવરિયાં,
મકાઈ, જાંબુની મોજ લાવો તાણીજી રે...





આવી રે વર્ષાની રૂમઝૂમ ઋતુ,
પગલાં તે પાડો જાળવીને જી રે...

આવ્યો રે વરસાદ ઝરમરિયો,
લાગે છે મઘ મીઠો ઘન સરવરિયો જી રે...

## 2. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો (Choose the correct answer)

MCQs

(૧) પગલાં તે પાડો .....

- [x] જાળવી જી રે
- [ ] તાણીને જી રે
- [ ] હાથમાં

(૨) વર્ષાની ઋતુ કેવી રીતે આવી ?

- [ ] જાળવીને
- [x] રૂમઝૂમ કરતી
- [ ] હાથ પકડી

(૩) વીજળીરાણી શેમાં બેસીને આવશે ?

- [ ] વાદળામાં
- [ ] રેલગાડી
- [x] હોડીમાં

## 3. મૂલ્યવર્ધક પ્રશ્નો (Value Based)

General knowledge
Love for nature

(૧) વરસાદનું પાણી શેમાં શેમાં કામમાં આવે છે ? ચાર વાક્યો લખો.











## ભાષાજ્ઞાન

### 1. સાચાં શબ્દો સામે લીટી દોરો (Match A, B)

| A | B |
|---|---|
| હોડી | ઝરમરિયો |
| વરસાદ | જાળવીને |
| રૂમઝૂમ | મોજ |
| પગલાં | સઢવાળી |
| મકાઈ, જાંબુ | વર્ષાઋતુ |

### 2. વિરોધી શબ્દો (Opposite words)

નાનેરાં × મોટેરાં

મીઠાં × કડવાં

રાજા × રંક

## વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

(૧) કાગળની હોડી બનાવીને, પાણીમાં તરાવો

(૨) સઢવાળી હોડી બનાવો.

(૩) ચિત્ર જુઓ અને નોટબુકમાં બે વાક્યો લખો.



### વાતચીત કરો. (Discussion)

(૧) વરસાદ આવે ત્યારે તમને કેવું લાગે છે ?

(૨) વધારે વરસાદ આવે તો શું થાય ?

TA-01

# 8 સ્વચ્છતા એક શરૂઆત

**ચર્ચાના મુદ્દા :**

❀ સ્વચ્છતા કેમ જરૂરી છે ?     ❀ સ્વચ્છતા એટલે શું ?

તમારી ચોપડીઓને સ્વચ્છ રાખવા શું કરશો ? આપણી આજુબાજુનું વાતાવરણ ચોખ્ખું રાખવું એ આપણી ફરજ છે એ સમજાવવું. સ્વચ્છતાથી ઘણા ફાયદા છે.

હિમા શાળાએથી આવીને હાથ મોં ધોયા વગર જમવા બેસી ગઈ. મમ્મીએ કહ્યું, ‘બેટા પહેલા હાથ-મોં ધોઈ લે પછી જમવા બેસ.’

હિમાએ એમ કર્યું પછી મમ્મીએ કહ્યું, “ચાલ હવે થોડીવારમાં ગૃહકાર્ય કરી લે. પછી આપણે નીતામાસી ને ત્યાં જવાનું છે. આગમ બીમાર પડ્યો છે, એની ખબર કાઢવા જવાનું છે.”



## 2. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો (Choose the correct answer)

MCQs

(૧) હિમા શાળાએથી આવીને...

- [ ] ઘરકામ કરવા લાગી.
- [x] જમવા બેસી ગઈ
- [ ] હાથ-મોં ધોવા ગઈ.

(૨) આગમની બીમારી...

- [ ] શાળામાંથી આવી હતી.
- [x] રમવા ગયો ત્યાંથી આવી
- [ ] હિમાના ઘેરથી આવી.

(૩) આપણે ઘરની સાથે સાથે...

- [x] શરીર પણ સ્વચ્છ રાખવું જોઈએ.
- [ ] બહારનું ખુલ્લું ખાવાનું ખાવું જોઈએ.
- [ ] બહાર ગંદકી કરવી જોઈએ.

Cleanliness Habits

## 3. મૂલ્યવર્ધક પ્રશ્નો. (Value based.)

નીચે મોનુની દિવસ દરમિયાનની કેટલીક ક્રિયાઓ આપી છે. કઈ ક્રિયા યોગ્ય છે એની સામે 🙂 દોરો. (Mark the correct picture)











# ભાષાજ્ઞાન

1. વિરોધી શબ્દો (Opposite words)

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્વચ્છતા | × | ગંદકી | બીમાર | × | તંદુરસ્ત, સ્વસ્થ |
| ચોખ્ખી | × | ગંદી | ખુલ્લું | × | ઢાંકેલું |
| બહાર | × | અંદર | | | |

2. જોડાક્ષર વાળા શબ્દો લખો. પાઠમાંથી શોધો.

મ્ + મી = મ્મી ......મમ્મી...... ......સ્વચ્છ...... ......સ્વસ્થ......

......ઉલ્ટી...... ......ચોખ્ખું...... ઈન્જેક્શન

3. 'દીર્ઘ-ઈ' વાળા શબ્દો લખો.

1 ......બીમાર......, ......ચોપડી......, ......માસી......,

નાહી-ધોઈ, ......ગંદકી......, ......બેસી......,

## વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

- તમારા ઘરમાં સફાઈ કરવા માટે કયા કયા સાધનો વપરાય છે, તે ચિત્ર સાથે એક ડ્રોઈંગ પેપરમાં લખો. દરેકના ઉપયોગ એક-એક વાક્યમાં લખો.